ફોન ફેક્સ નંબર-0288-2555853 Toll Free ( Gujarat )1800 233 7324

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,

Accredited Grade "A" by NAAC (CGPA 3.28)

## પરીક્ષા શાખા

ચાણક્ય ભવન, હોસ્પિટલ રોડ, જામનગર-361 008

Email- drexam@ayurveduniversity.com Web :www.ayurveduniversity.edu.in

નં.૪/ પરીક્ષા/૧૮-૧૯/706 જરૂરી /રજી.એ.ડી./By Email તા. 1-2 -૦૧-૨૦૧૯

વંચાણે લીધા :- સિન્ડિકેટ ની તા.10-10-2006ની સભામાં કાયસૂચિ-10થી થયેલ નિર્ણય.

-:<u>પરિપત્ર</u>:-

સિન્ડિકેટ ની તા.10-01-2019ની ખાસ સભામાં કાયસૂચિ-01 થી થયેલ નિર્ણય અનુસાર હવે પછી યુનિવર્સિટી દ્વારા તમામ કોર્ષની લેવાનાર કોઇ પણ પરીક્ષાઓમાં વિદ્યાર્થીને અકસ્માત કે ગંભીર બિમારીના કિસ્સામાં રાઇટરની જરૂરયાત જણાય ત્યારે નવા નિયમો નીચે દર્શાવેલ વિગતે મંજુર કરવામાં આવેલ છે.

1) વિદ્યાર્થી જે હાથે લખતો હોય તે જ હાથ લખવા અસમર્થ હોય તો જ તે અન્ય વિદ્યાર્થીને રાઈટર તરીકે રાખી શકશે.
2) અકસ્માત કે બિમારીના કિસ્સામાં વિદ્યાર્થી પૂર્ણ દ્રષ્ટીમાન ન હોય અને પ્રશ્નપત્ર વાંચવામાં તેમજ જવાબો લખવામાં આંખથી અશક્તિમાન હોય તો અન્ય વિદ્યાર્થીને રાઈટર તરીકે રાખી શકશે.
3) વિદ્યાર્થીને રાઈટર તરીકે તે વિદ્યાશાખાના નિચલા વર્ષનો વિદ્યાર્થી રાખવાનો રહેશે પરંતુ જો રાઈટર રાખનાર વિદ્યાર્થી પ્રથમ વર્ષનો હોય તો રાઈટર અન્ય ફેકલ્ટીનો હોવો જોઈએ.
4) પરીક્ષા ચાલુ થતા પહેલા રાઈટર રાખનાર વિદ્યાર્થીએ તેમની અરજી ડોક્ટરના મેડીકલ સર્ટીફીકેટ સાથે - આચાર્યશ્રીની તેમજ સિ.સુપરવાઇઝરની ભલામણ સાથે કોલેજ મારફત મોકલવાની રહેશે. જેમાં આચાર્યશ્રી દ્વારા રાઈટર તરીકે નિમાયેલ વિદ્યાર્થીનું નામ તેમજ સરનામું તેમજ ટેલીફોન નંબર અને આઈ. ડી. પ્રુફની નકલ તેમજ બિમાર વિદ્યાર્થીના તમામ મેડિકલ રિપોર્ટ સાથે યુનિવર્સિટીને મોકલવાની રહેશે.
5) રાઈટર રાખનાર વિદ્યાર્થીને પરીક્ષાના સમયમાં કોઈપણ છુટછાટ આપવાની રહેશે નહી.
6) ઈમરજન્સી સિવાય આવા વિદ્યાર્થીઓની અરજી પરીક્ષા ચાલુ થાય તેના બે દિવસ પહેલા (48 કલાક પહેલા) કોઈપણ સંચાર સેવા દ્વારા યુનિવર્સિટીને મોકલી આપવાની રહેશે.
7) યુનિવર્સિટીની મંજુરી મલ્યા બાદ જ રાઇટરની ફાળવણી કરવાની રેહશે.

ઉપરોકત જાણકારી આપની કોલેજમાં સર્વે સંબંધિતશ્રીઓને આપવા આથી જાણ કરવામાં આવે છે.

HZhala
31-1-19

( એચ. પી. ઝાલા )

કુલસચિવ

પ્રતિ,